# વિશ્વના હીરા બજારમાં બ્રાન્ડ ઈન્ડિયા ચમકશે

## દુનિયામાં સૌપ્રથમ વખત આઈસીઈએક્સના પ્લેટફોર્મ પર હીરામાં ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ લોન્ચ થયા

ભાસ્કરન્યૂઝ | મુંબઈ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં એક આંતરરાષ્ટ્રીય ડાયમંડ ફોરમને સંબોધતા એવો સવાલ કર્યો હતો કે આપણે હીરાની કારીગરીમાં વિશ્વમાં ટોચના સ્થાને છીએ તો તેના ભાવ વિદેશમાં શા માટે નક્કી થવા જોઈએ? હવે તેમની આ નેમ પૂરી થવાની તૈયારીમાં છે.

હીરાના વેપારની પદ્ધતિઓમાં મોટા પાયે ફેરફાર થઈ રહ્યો છે. દુનિયામાં આ અતિ મૂલ્યવાન કોમોડિટીની કિંમતોમાં નિર્ણાયક બનવા ભારત સજ્જ છે. ભારતમાંથી દુનિયામાં ૯૦ ટકા જેમસ્ટોન કટર્સ છે. ભારતીય કારીગરો દુનિયામાં નિર્વિવાદપણે શ્રેષ્ઠ છે, વર્કશોપમાંથી બજારમાં પસાર થનાર દરેક હીરાનાં પાસાંને નક્કી કરે છે તો પછી ભારતે હીરાની કિંમત શા માટે નક્કી ન કરવી જોઈએ? એવો સવાલ આઈસીઈએક્સના સીઈઓ સંજિત પ્રસાદે પણ પૂછ્યો હતો.

દુનિયામાં પ્રથમ વખત હીરામાં ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ આઈસીઈએક્સએ લોન્ચ કર્યું હોવાથી તેમાં ફ્યુચર ટ્રેડિંગ વાસ્તવિકતા બનશે. સુરત હીરા કટિંગ અને પોલિશિંગ ઉદ્યોગનું કેન્દ્ર છે, જ્યાં શહેરમાં ૮,૦૦,૦૦૦થી વધારે કારીગરો રૂ. ૮૦,૦૦૦ કરોડના ઉદ્યોગમાં સંકળાયેલા છે. મુંબઈ અને સુરત ઉદ્યોગનાં બે મોટાં કેન્દ્રો છે, જેમાં સુરતને હીરા કટિંગ અને પોલિશિંગ માટે વૈશ્વિક કેન્દ્ર ગણાય છે. દુનિયાની ખાણોમાંથી આશરે ૯૦ ટકા રફ હીરા સુરત મોકલાય છે અને ડાયમન્ડ ફ્યુચર્સ કોમોડિટી માટે પ્રાઈઝ ડિસ્કવરીની અતિ વૈજ્ઞાનિક પદ્ધતિ ઓફર કરે છે. આઈસીઈએક્સ પ્લેટફોર્મ પર હીરાનું વેચાણ કરવા ઈચ્છતા વિક્રેતાઓને એક્સચેન્જે નક્કી કરેલા ગુણવત્તાના માપદંડો મુજબ ગુણવત્તાની ચકાસણી કરવા એક્સચેન્જ માન્ય સર્ટિફાઈંગ એજન્સી સાથે સ્ટોનને સર્ટિફાઈડ કરવાની જરૂર પડશે.

### સર્ટિફિકેશન પછી સ્ટોન સુરતમાં એક્સચેન્જ દ્વારા નિયુક્ત વોલ્ટમાં

સર્ટિફિકેશન પછી સ્ટોનને સુરતમાં એક્સચેન્જ દ્વારા નિયુક્ત વોલ્ટમાં જમા કરાવવામાં આવશે. ત્યાર બાદ હીરાના વજનને સમકક્ષ ઈલેક્ટ્રોનિક યુનિટ ક્રિએટ કરવામાં આવશે અને વિક્રેતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થવાનાં સમયે ઈલેક્ટ્રોનિક યુનિટ્સ એક્સચેન્જ પ્લેટફોર્મ પર ડિલિવર કરવામાં આવશે. એક્સપાઈરીના સમયે ગ્રાહકને તેમના ખાતામાં ઈલેક્ટ્રોનિક યુનિટ મળશે. ફિઝિકલ ફોર્મમાં સ્ટોનની ડિલિવરી માટે ગ્રાહક કોન્ટ્રાક્ટ મુજબ સ્ટોનની સાઈઝને સમકક્ષ યુનિટ એકત્ર કરશે. તેનો અર્થ એ છે કે, જો કોઈ વ્યક્તિ ૩૦ સેન્ટનો સ્ટોન ખરીદવા ઈચ્છતું હોય, તો તેણે ફિઝિકલ ડિલિવરીની પૂછપરછ માટે ૩૦ સેન્ટ કોન્ટ્રાક્ટમાં ૩૦ ઈલેક્ટ્રોનિક યુનિટનો સંચય કરવો પડશે.

### સંપૂર્ણ નવી બજારની રચના

આઈસીઈએક્સે સંપૂર્ણપણે નવા બજારની રચના કરી છે, જ્યાં વિક્રેતા વિવિધ પ્રકારના ગ્રાહકો વચ્ચે તેમના સર્ટિફાઈડ ક્વોલિટી હીરા ઓફલોડ કરી શકશે. એક્સચેન્જ આ કોમોડિટીને જે લિક્વિડિટી અને એક્ઝિટ રૂટ ઓફર કરે છે, એ વિશિષ્ટ છે. વ્યક્તિગત ગ્રાહકો માટે મહત્તમ મંજૂરીને પાત્ર ઓપન પોઝિશન તમામ ડાયમન્ડ કોન્ટ્રાક્ટ્સ માટે સંયુક્તપણે ૬૦,૦૦૦ સેન્ટ પર છે. દરેક સભ્યને તમામ ક્લાયન્ટ માટે સંયુક્તપણે તમામ ડાયમન્ડ કોન્ટ્રાક્ટ માટે ૬૦૦,૦૦૦ સેન્ટનાં મૂલ્યની કે બજારનાં ૧૫ ટકા ઓપન પોઝિશન જાળવવાની છૂટ મળશે.

### ઈન્ડેક્સ ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ્સનું પ્રતિબિંબ

આઈસીઈએક્સ ડાયમન્ડ કોન્ટ્રાક્ટ સમયગાળાની દૃષ્ટિએ ઈન્ડેક્સ ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ્સનું પ્રતિબિંબ બનશે, જ્યાં કોઈ પણ સમયે વેપાર માટે વેપારીઓને ત્રણ કોન્ટ્રાક્ટ મળશે. ટ્રેડિંગ યુનિટ ૧ સેન્ટ પર સેટ છે, જે ૨ એમજીને સમકક્ષ છે. પછી ડિલિવરી ૧ કેરેટ માટે થશે, જે ૧૦૦ સેન્ટને સમકક્ષ છે. કોન્ટ્રાક્ટ માટેની રોજિંદા કિંમતની મર્યાદા ત્રણ ટકા અને છ ટકા નક્કી છે (કોઈ પણ કૂલ ઓફ પીરિયડ વિના), ત્યારબાદ રોજિંદા કિંમતની મર્યાદા છ ટકાનું ઉલ્લંઘન થાય તો ૧૫ મિનિટનાં કૂલ ઓફ પીરિયડ પછી રોજિંદા કિંમત મર્યાદા વધીને નવ ટકા થશે.

### એક ટકા ઈએલએમ લાગુ પડશે

આંતરરાષ્ટ્રીય બજારોમાં કિંમતમાં વધઘટ મહત્તમ રોજિંદા કિંમત મર્યાદા (અત્યારે ૯ ટકા)થી વધારે હોય, તો તેને નિયમનકારને જાણકારી આપીને મહત્તમ મંજૂરી મર્યાદાથી ૩ ટકા વધારે મર્યાદા મેળવી શકાય છે. શરૂઆતનું માર્જિન લઘુતમ ચાર ટકા સેટ કે વીએઆર - બેમાંથી જે વધારે હોય એ અને ઉપરાંત એક ટકા ઈએલએમ લાગુ પડશે. વધારાનાં માર્જિનની જરૂરિયાતો ટ્રેડમાં ચડઉતરને આધારે લાગુ કરવામાં આવશે.